# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

નં.યુડીએ/પ્લાન-૩/પરવાનગી/૧૨૩/૨૦૧૩
શહેરી વિકાસ સત્તામંડળ, કારેલીબાગ,
વડોદરા – ૧૮.
તારીખ :-૨૯-૧૨-૨૦૧૩

પ્રતિ,
શ્રી ભટ્ટ રશ્મીકાંત જયાશંકર તથા,
શ્રી ઠકકર નિર્મલભાઇ રમણભાઇ તથા અન્યના
કુ.મુ. કમલેશભાઇ નિર્મલભાઇ ઠકકર તથા અન્ય
મુ.પો. બીલ,
તા.જી.વડોદરા.

વિષય : મોજે બીલ, તા.જી.વડોદરાના બ્લોક નં.૭૫૪/અ, ૭૫૪/બ, ૭૫૫, ૭૫૬, ૭૫૭, ૭૪૧/બી, ૭૪૨/એ, ૭૪૨/બી, ૭૪૩, ૭૪૮/એ, ૭૫૮, ૭૫૯, ૭૬૦, ૭૬૨, ૭૬૩ વાળી જમીનમાં કુલ–૬૨૬ રહેણાંકના મકાનો તથા એક ટાવરમાં કુલ-૨૮ રહેણાંકના ફ્લેટસના બાંધકામ માટે વિકાસ પરવાનગી આપવા બાબત.

સંદર્ભ :- આપની તા.૦૫-૦૮-૨૦૧૩ ની અરજી.

ઉપરોકત વિષય અને સંદર્ભ બાબતે વિકાસ પરવાનગી અને અત્રે મંજુર કરવામાં આવેલ નકશા આ સાથે સામેલ છે. જે વિદીત થાય.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

બિડાણ :- (૧) વિકાસ માટે પરવાનગી પત્ર
(૨) મંજુર કરેલ નકશા.

નકલ રવાના પ્રતિ :-

# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

## વિકાસ પરવાનગી

શ્રી ભટ્ટ રશ્મીકાંત જયાશંકર, શ્રી ઠકકર નિર્મલભાઇ રમણભાઇ તથા અન્યના કુ.મુ. કમલેશભાઇ નિર્મલભાઇ ગામ બીલ, તા.જી.વડોદરાના બ્લોક નં. ૭૫૪/અ, ૭૫૪/બ, ૭૫૫, ૭૫૬, ૭૫૭, ૭૪૧/બી, ૭૪૨/એ, ૭૪૨/બી, ૭૪૩, ૭૪૮/એ, ૭૫૮, ૭૫૯, ૭૬૦, ૭૬૨, ૭૬૩ માં ક્ષેત્રફળ ૧૨૪૧૪૮.૦૦ ચો.મી.માં બાંધકામ ક્ષેત્રફળ ગ્રાઉન્ડ ફલોર ૪૦૪૭૭.૯૧ ચો.મી. ,ફર્સ્ટ ફલોર ૪૯૩૬૦.૯૫ ચો.મી મળી કુલ ૮૯૮૩૮.૮૬ ચો.મી માં કુલ-૬૨૬ રહેણાંકના મકાનો તથા એક ટાવરમાં કુલ-૨૮ રહેણાંકના ફલેટસ તથા કલબ હાઉસ ૩૫૪.૦૦ ચો.મી ના બાંધકામ માટે નીચેની ખાસ શરતો અને પાછળ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન રહી ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ -૧૯૭૬ (સને ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭) ની કલમ-૩૪ હેઠળ લે-આઉટ અને કલમ-૨૯/૧ (૧), ૨૯/૧(૨) હેઠળ આથી વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

ખાસ શરતો :-

(૧) સ્થળે બાંધકામ શરૂ કરતા પહેલા ૭ (સાત) દિવસ અગાઉ સોઇલ ટેસ્ટ રીપોર્ટ, ફોર્મ નં.૨(ડી) તથા સ્ટ્રકચરલ ડીટેઇલ ડ્રોઇંગ રજુ કરવાના રહેશે.

(૨) કોમન પ્લોટની માલિકી સોસાયટીના તમામ સભ્યોની સંયુકત રહેશે. કોમન પ્લોટ વેચી શકાશે નહી. કોમન પ્લોટમાં ગુજરાત વિદ્યુત બોર્ડના ટ્રાન્સફોર્મર માટે અલાયદી જગ્યા રાખવાની રહેશે.

(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના હુકમ કમાંક : વનમ-૧૦૦૮-૩૨૬૦-લ, તા.૧૦/૩/૨૦૧૦ ની જોગવાઇ મુજબ કુલ–૬૮૫ વૃક્ષોનુ વાવેતર/જાળવણી કરવાની રહેશે.

(૪) બાંધકામ શરૂ કરતા પહેલા એન્વાર્યમેન્ટ કલીયરન્સ અંગેનુ ના-વાંધા પ્રમાણ પત્ર મેળવી અત્રેની કચેરીમાં રજુ કરવાનુ રહેશે.

(૫) સુચિત આયોજનમાં ૨૦.૦ મીટરના રોડ પરથી કેનાલને ક્રોસ કરી મુખ્ય એપ્રોચ દર્શાવેલ છે. જે અંગે બાંધકામ શરૂ કરતા પહેલા નર્મદા કેનાલ ઓથોરીટીનુ ના-વાંધા પ્રમાણ પત્ર મેળવી લેવાનુ રહેશે.

(૬) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૪/૧૯૬૧/લ,તા.૨૭/૭/૨૦૧૦ ની જોગવાઇ મુજબ પરકોલેટીંગ વેલની જોગવાઇ કરવાની રહેશે.

(૭) સુચિત આયોજનમાં પસાર થતી નર્મદા કેનાલ ડી.આઇ.એલ.આરની માપણીશીટ તથા સ્થળ સ્થિતિ મુજબ દર્શાવેલ છે જે અંગે ભવિષ્યમાં કોઇપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સઘળી જવાબદારી અરજદાર/જમીન માલિકશ્રીની રહેશે.

મંજુર કરેલ પ્લાનની નકલ આ સાથે સામેલ છે.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા

નં.યુડીએ/પ્લાન-૩/પરવાનગી/૧૨૩ /૨૦૧૩
શહેરી વિકાસ સત્તામંડળ, કારેલીબાગ,
વડોદરા – ૧૮.
તારીખ :-૨૯- ૧૨ – ૨૦૧૩

નકલ રવાના પ્રતિ :-

કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.

*સામાન્ય શરતો :-*

(૧) શહેરી જમીન ટોચ મર્યાદા અને નિયમન અધિનિયમ, ૧૯૭૬ અન્વયે, કોમ્પીટન્ટ ઓથોરીટી પાસેથી જરૂરી ના-વાંધા પ્રમાણપત્ર જરૂર જણાયે મેળવવાની જવાબદારી અરજદારની રહેશે.

(૨) સદરહુ જમીનમાં બીનખેતીનો ઉપયોગ કરતા પહેલા અન્ય કાયદા હેઠળ પરવાનગી લેવાની થતી હોય તો જે તે સંસ્થા પાસે તે મેળવી લેવાની જવાબદારી અરજદારની રહેશે.

(૩) સદરહુ જમીનમાં બાંધકામ વિકાસ યોજના/નગર રચનાની યોજનાની દરખાસ્ત અને નિયમો મુજબ કરવાનું રહેશે.

(૪) વિકાસ કામની પરવાનગી અર્થે સર્વે નંબર/અથવા અંતિમ ખંડ અગર પ્લોટમાં અરજદાર જે જમીનમાં માલિક છે તે જમીન પુરતી પરવાનગી આપવામાં આવેલ છે.

(૫) આ પરવાનગીના કારણે અરજદારની માલીકી તથા જમીનનો હદ વિસ્તાર તથા ક્ષેત્રફળ અંગેની મંજુરી મળતી નથી, પરંતુ નિયમાનુસાર બાંધકામ અંગેની મંજુરી મળે છે.

(૬) વિકાસ નકશા અને નગર રચના યોજનાની જુદા જુદા વિસ્તારમાં જમીનો અને મકાનોના ઉપયોગ વિશે જે ખાસ નિયમો હશે તેની વિરૂધ્ધનો ઉપયોગ કરી શકાશે નહી. તેમજ રજા માંગણી વખતે નકશામાં જે ઉપયોગ દર્શાવાયો હશે તેથી જુદો ઉપયોગ અગાઉથી મંજુરી લીધા સિવાય કરી શકાશે નહી.

(૭) વિકાસ માટેની અંદર બતાવેલી શરતોમાંની કોઈપણ શરતોનો ભંગ કરવામાં આવશે તો શહેરી વિકાસ સત્તામંડળ તે શરતોનો અમલ કરાવી શકશે અને શહેરી વિકાસ સત્તામંડળના તેવા કૃત્યને લીધે જે કાંઈ નુકશાન-ખોટ કે હરકત માંલીકને થાય તે બદલ કોઈપણ બદલો મળી શકશે નહી.

(૮) મંજુર નંબરમાં બતાવેલી જમીનમાંથી "વુડા" એ કંઈક જમીન લીધી હશે અગર કોઈ ભાગ તે છોડાવવા હુકમ કરેલો હશે અગર સનદ સિવાયના કોઈ ભાગ "વુડા" એ કબજો કર્યો હશે તો તે સિવાયના ભાગ માટે વિકાસ પરવાનગી પત્ર સમજવાનો રહેશે. તથા આ પરવાનગી અધિકૃત સનદના માપને આધીન રહીને આપેલ ગણાશે.

(૯) અરજદારે નિયમાનુસાર ભરવાનો થતો વિકાસ ચાર્જ આપવાનો રહેશે.

(૧૦) માલીકને વિકાસ માટેની પરવાનગી આપવામાં આવી હશે તો પણ તેમણે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ મુજબ નગર રચના યોજના માટે ફાળો આપવાનો રહેશે.

(૧૧) વિકાસ પરવાનગી પત્ર શહેરી વિકાસ સત્તામંડળના વિનિયમો મુજબ આપવામાં આવી છે અને ખાનગી હક્કોના નુકશાન અંગે સત્તામંડળ કંઈપણ જવાબદારી લેતી નથી.

(૧૨) આ વિકાસ પરવાનગી પત્ર સત્તામંડળના અધિકૃત અધિકારી/કર્મચારી જોવા માંગે તો તેમને બતાવવા માલીક બંધાયેલ છે. તે નહી બતાવશે તો બાંધકામ બંધ કરવા હુકમ કરશે તે મુજબ બંધ કરવું પડશે.

(૧૩) રસ્તા ઉપર ઈમારતી સામાન અગર પુરણી પ્રથમથી રજા મેળવ્યા સિવાય નાખવી નહી. રજાથી નાખેલ પુરણી વિગેરે વ્યવસ્થિત જોઈતું કોર્ડન કરી ટ્રાફીકને અડચણ ન થાય તેમ નાખવી.

(૧૪) આ "વિકાસ પરવાનગી" પત્ર મંજુરી આપ્યા તારીખથી ૧૨ માસ સુધી જ અમલમાં રહેશે.

(૧૫) બાંધકામ નીચેની લેન્ડ એકવીઝેશન એકટની /(૧૮૯૪) મુજબ એકવાયર કરવાને સદર એકટની કલમ-૪ અન્વયે નોટીફીકેશન નિકળ્યા હશે તો એકવીઝેશન એકટ ૨૪ (૭) મુજબ મે.કલેકટર સાહેબની રજા બાંધકામ શરૂ કરતા પહેલા લેવાની રહેશે.

(૧૬) વખતો વખત શહેરી વિકાસ સત્તામંડળ તરફથી વિકાસ માટેના જે નિયમો તથા જાહેરાત કરાય તે બંધનકર્તા રહેશે.

(૧૭) ઉપર જણાવેલી શરતોનો ભંગ કરવા બદલ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ-૩૫; ૩૬, ૩૭ ની જોગવાઈ મુજબ દંડ તથા જરૂરી પગલાને પાત્ર થશે.

(૧૮) જો પ્રશ્નવાળી જમીન ઉપર બોજો હશે તો ધિરાણ કરનાર સંસ્થાની શરતો પણ બંધનકર્તા રહેશે.

(૧૯) ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ ૧૯૭૬ સિવાયના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ લેવા પાત્ર મંજુરીને આધિન રહીને વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

(૨૦) તદ્ઉપરાંત ફેકટરી બાંધકામને લગતા સરકારશ્રીના જુદા જુદા ખાતાઓના નીતી નિયમો પણ અરજદારને બંધનકર્તા રહેશે.

(૨૧) માર્જીનવાળા ભાગમાં પ્લોટની ફરતે એક બીજાથી ૩.૦ મીટરના અંતરે શરત મુજબ વૃક્ષો ઉગાડવાના રહેશે.

(૨૨) ઉપર જણાવેલ કોઈપણ શરતોનો ભંગ કરવામાં આવશે તો પરવાનગી રદ થયેલી ગણાશે.

(૨૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ , ગાંધીનગરના તા.૧૩-૦૫-૨૦૧૦ ના પત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૧૦-૨૭૭૬ થી જણાવ્યા મુજબ બોરવેલ/ટયુબવેલમાં નાના બાળકો પડી જવાની દુર્ઘટનાઓ નિવારવા માટે સર્વોચ્ચ અદાલતે નક્કી કરેલ ગાઈડ લાઈન મુજબ તકેદારીના પગલાં લેવાના રહેશે.